કે.ડી. NEWS

તારીખ : 01/04/2026

# અમરેલી જિલ્લા ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આવતીકાલથી સેન્સ પ્રક્રિયા યોજાશે

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી અને મહામંત્રીઓ દ્વારા જિલ્લાના ૧૭મંડળો પર દાવેદાર કાર્યકરોને સાંભળવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રક્રિયા અંતર્ગત ૬ નગરપાલિકાની ૧૮૪ બઠકો, ૧૧ તાલુકા પંચાયતની ૧૯૦ અને અમરેલી જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો માટે ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોની સેન્સ લેવામાં આવશે.

આગામી તારીખ ૦૨ અને ૦૩ એપ્રિલના રોજ પ્રદેશ ભાજપના નિરીક્ષકો ત્રણ અલગ-અલગ જૂથમાં વહેંચાઈને દાવેદારોને સાંભળશે. આ માટે ત્રણ મુખ્ય કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે, જેમાં જૂથ-૦૧ ની પ્રક્રિયા જિલ્લા ભાજપ કાર્યાલય (અમરેલી), જૂથ-૦૨ની ગાંધી ધર્મશાળા (સાવરકુંડલા)અને જૂથ-૦૩ ની પ્રક્રિયા બ્રહ્મ સમાજની વાડી (ધારી) ખાતે યોજાશે. નિરીક્ષકો તરીકે જગદીશભાઈ ભાવસાર, ડૉ. માયાબેન કોડનાની, દિનેશભાઈ અનાવાડીયા, મીનાક્ષીબેન પટેલ, બિજલબેન પટેલ અને પ્રદિપસિંહ રાઠોડ સહિતના વરિષ્ઠ આગેવાનો દાવેદારોની રજૂઆતો સાંભળશે. નક્કી કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ, બંને દિવસોમાં સવારના 9:00 કલાકથી મોડી સાંજ સુધી અલગ-અલગ તાલુકા અને શહેર મંડળોની સેન્સ પ્રક્રિયા હાથ ધરાશે. જિલ્લા ભાજપના મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીના જણાવ્યા અનુસાર, ચૂંટણી લડવા ઈચ્છતા તમામ દાવેદારોએ પક્ષ દ્વારા નિર્ધારિત કરેલા જરૂરી આધાર પુરાવા સાથે કોષ્ટકમાં દર્શાવેલ નિયત સ્થળ અને સમયે ઉપસ્થિત રહેવાનું રહેશે.

તારીખ : 01/04/2026

# સાવરકુંડલા સહિત અમરેલી જિલ્લામાં હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી થશે...



2 એપ્રિલ 2026 ગુરૂવારના રોજ સાવરકુંડલા સહિત સમગ્ર અમરેલી જિલ્લામાં હનુમાન જન્મોત્સવ ની ભવ્ય ઉજવણી થશે અનેક જગ્યાએ સત્યનારાયણ ભગવાનની કથા, હનુમાન ચાલીસા ના પાઠ, રામધુન સહિતના કાર્યક્રમોનું ભવ્ય આયોજન થયું છે. ધાર્મિક વાતાવરણમાં જય જય શ્રી રામ, જય શ્રી હનુમાન નો નાદ ગુંજી ઉઠશે મહાપ્રસાદ મહા આરતી નો લાભ લઈ ભક્તો ધન્યતા અનુભવશે. હનુમાનજી મહારાજ અને મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના નામ લઈ વંદન કરી બધાની સુખાકારી માટે પ્રાર્થના કરાશે.

તારીખ : 01/04/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શ્રી સાવરકુંડલા મહાત્મા ગાંધી ધર્મશાળા ટ્રસ્ટ સંચાલિત

# શ્રી મહાત્મા ગાંધી અતિથિ ભવન

રેલ્વે સ્ટેશન સામે

સાવરકુંડલા । ગુજરાત – પિન : ૩૬૪ ૫૧૫.

## તુરંત જોઈએ છે

**મહાત્મા ગાંધી અતિથી ગૃહ સાવરકુંડલા**

ખાતે સો (૧૦૦) રૂમોની સગવડતા ધરાવતી લગભગ ૭૦ વર્ષ જુની સાર્વજનિક સંસ્થાને અતિથિ ગૃહના સંચાલન માટે નીચે મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોની નિમણુંક કરવાની થાય છે. યોગ્ય લાયકાત ધરાવનાર ઉમેદવારને પગારનો બાદ નથી.

### જનરલ મેનેજર

જગ્યા : ૧

શૈક્ષણીક લાયકાત હોટલ મેનેજમેન્ટ ગ્રેજ્યુએટ તથા ઓછામાં ઓછા ૩ વર્ષના અનુભવી.

### ડેટા ઓપરેટર કમ બુકિંગ કલાર્ક

જગ્યા : ૨ । (મેઈલ/ફીમેઈલ)

લાયકાત : કોમ્પ્યુટરના જાણકાર, ઓછામાં ઓછા ૨ વર્ષનો અનુભવ.

### સિક્યુરિટી ગાર્ડ

જગ્યા : ૨

સિક્યુરિટી એજન્સીમાં કામગીરીનો ૨ વર્ષનો અનુભવ અથવા સિક્યુરિટી એજન્સી પણ અરજી કરી શકે છે.

### હાઉસ કીપિંગ મેનેજર

જગ્યા : ૨

લાયકાત હોટલ મેનેજમેન્ટનો અનુભવ ધરાવનાર.

ઈચ્છુક ઉમેદવારોએ ઉપરના સરનામે / અથવા સંસ્થાના

**e-mail : mahatmaatithi@gmail.com**

સંપૂર્ણ બાયોડેટા અને લાયકાત, અનુભવના આધાર પુરાવા અપેક્ષીત પગાર સાથે તુરંત અરજી કરવી.

તારીખ : એપ્રિલ ૧, ૨૦૨૬
સ્થળ : સાવરકુંડલા

ઈન્ચાર્જ મેનેજર,
મહાત્મા ગાંધી ધર્મશાળા (સાવરકુંડલા)

તારીખ : 01/04/2026

# નગરપાલિકાની ચૂંટણીને લઈ સાવરકુંડલા કોંગ્રેસ દ્વારા દાવેદારો માટે સેન્સપ્રક્રિયા યોજાઈ...



અમરેલી જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ પક્ષ સંપૂર્ણપણે સક્રિય બન્યો છે. સાવરકુંડલા નગરપાલિકાની ચૂંટણીના સંદર્ભમાં 31 માર્ચ 2026 મંગળવારના રોજ શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે દાવેદારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સીધા માર્ગદર્શન હેઠળ નગરપાલિકાના પ્રભારી અમિત લવતુકા દ્વારા આ સમગ્ર પ્રક્રિયા પૂર્વ ધારાસભ્ય અને અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી પ્રતાપ દુધાતના કાર્યાલય ખાતે સુચારુ રીતે યોજવામાં આવી હતી. આ મહત્વપૂર્ણ રાજકીય પ્રક્રિયામાં પક્ષના મોટી સંખ્યામાં ઉત્સાહી કાર્યકરો અને સ્થાનિક અગ્રણીઆગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અત્યાર સુધીમાં કોંગ્રેસ પક્ષ તરફથી ચૂંટણી લડવા માટે અંદાજે 30 જેટલા સંભવિત ઉમેદવારોએ પોતાના ફોર્મ રજૂ કરી દીધા છે.પ્રભારી અમિત લવતુકાએ આ ચૂંટણીમાં પક્ષના ભવ્ય વિજય અંગે પૂરો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ તકે અમરેલી જિલ્લા કોંગ્રેસ અને સાવરકુંડલા શહેર અને તાલુકાના કોંગ્રેસના આગેવાનો પ્રમુખશ્રીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

તારીખ : 01/04/2026

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીનું બ્યુગલ ફુંકાયું 26 એપ્રિલે મતદાન : 28મીએ ગણતરી

## પાલિકા-પંચાયત ચૂંટણી-2026 કાર્યક્રમ

| વિગત | તારીખ |
| --- | --- |
| ચૂંટણી જાહેર થયાની તારીખ | 1 એપ્રિલ |
| જાહેરનામા પ્રસિદ્ધિની તારીખ | 6 એપ્રિલ |
| ફોર્મ ભરવાની અંતિમ તારીખ | 11 એપ્રિલ |
| ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ | 13 એપ્રિલ |
| મતદાનની તારીખ | 26 એપ્રિલ |
| પુનઃ મતદાન (જરુર પડે તો) | 27 એપ્રિલ |
| મત ગણતરીની તારીખ | 28 એપ્રિલ |
| ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ | 30 એપ્રિલ |

તારીખ : 01/04/2026

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મહાવીર જયંતીના અવસરે ગાંધીનગરના કોબા તીર્થ ખાતે સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયના ઉદ્ઘાટન થયું...



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મહાવીર જયંતીના અવસરે ગાંધીનગરના કોબા તીર્થ ખાતે સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયના ઉદ્ઘાટન પ્રસંગે આપેલા સંબોધનની ઝલક શેર કરી હતી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભગવાન મહાવીર જયંતીના પવિત્ર અવસરે ગુજરાતના ગાંધીનગરમાં કોબા તીર્થ ખાતે જૈન હેરિટેજ મ્યુઝિયમ, સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયના ઉદ્ઘાટનની ઝલક શેર કરી હતી. શ્રી મોદીએ કહ્યું કે, “કોબા તીર્થ આધ્યાત્મિક શાંતિથી સંપૂર્ણ ભરેલું છે, એક એવી જગ્યા જ્યાં કેટલાય જૈન મુનિઓ અને સંતોની તપસ્યાને અભિવ્યક્તિ મળે છે અને જ્યાં સર્જન અને સેવા સ્વાભાવિક રીતે ખીલે છે.” X પર શ્રેણીબદ્ધ પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું:“સત્તાને સેવા અને સાધના માનીને કાર્ય કરવાની જે પ્રેરણા આપણને આપણા ઈતિહાસમાંથી મળે છે, તે જ અમૂલ્ય વારસાને ગાંધીનગરના કોબા તીર્થમાં સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયમાં સાચવીને પ્રસ્તુત કરવામાં આવ્યો છે.”“આજે જ્યારે આખું વિશ્વ અસ્થિરતા અને અશાંતિની આગમાં સળગી રહ્યું છે, આવા સમયે સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયનો સંદેશ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર માનવતા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.”“તાડપત્ર અને ભોજપત્ર પર અંકિત સેંકડો વર્ષ જૂનું દુર્લભ જ્ઞાન કોબા તીર્થમાં સંરક્ષિત અને સંકલિત કરવામાં આવ્યું છે.

આ પ્રયાસ માત્ર આપણા ભૂતકાળ અને વર્તમાનને જોડનારો નથી, પરંતુ આપણા ભવિષ્ય માટે પણ ખૂબ ઉપયોગી છે.”“નવકાર મહામંત્ર દિવસ પર દિલ્હીમાં યોજાયેલા ઐતિહાસિક કાર્યક્રમમાં મેં નવ સંકલ્પોની વાત કરી હતી. આજે તેમાં આ દસમો સંકલ્પ પણ તમે સૌએ જોડી દીધો છે...” તેવું ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું.

તારીખ : 01/04/2026

# અમરેલી જિલ્લામાં સતત બીજીવાર મુખ્યમંત્રીશ્રી નું આગમન,અનેક વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયું...








## રાજુલાના દેવકામાં મુખ્યમંત્રી ના હસ્તે 1100 બેડની ગર્લ્સ હોસ્ટેલનું લોકાર્પણ

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ 1 એપ્રિલ 2026 બુધવારના રોજ અમરેલી જિલ્લાના પ્રવાસે પહોંચ્યા છે. મુખ્યમંત્રીએ પોતાના પ્રવાસની શરૂઆતમાં અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના દેવકા ખાતે નવીન સુવિધાઓનું લોકાર્પણ કર્યું હતું. કથાકાર શ્રી રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી) સંચાલિત દેવકા વિદ્યાપીઠ ખાતે મુખ્યમંત્રીના હસ્તે 1100 બેડની ગર્લ્સ હોસ્ટેલ અને ભોજનાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.દેવકા વિદ્યાપીઠમાં શિક્ષણ અને સુવિધાનો સંગમ રાજુલાના દેવકા ખાતે ભાગવત કથાકાર રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી) સંચાલિત દેવકા વિદ્યાપીઠ ખાતે મુખ્યમંત્રીના હસ્તે મહત્વપૂર્ણ લોકાર્પણ કરવામાં આવ્યું છે.1100 બેડની સુવિધા ધરાવતી આધુનિક નૂતન કન્યા છાત્રાલય અને 580 વિદ્યાર્થિનીઓની ક્ષમતા ધરાવતું અત્યાધુનિક ભોજનાલય નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે કથાકાર શ્રી રમેશભાઈ ઓઝા, શ્રી મુક્તાનંદ બાપુ, રાજ્ય કક્ષાના મંત્રી અને અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયા,રાજુલા જાફરાબાદના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી સહિતના મહાનુભાવો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સુવિધાથી ગ્રામ્ય વિસ્તારની દીકરીઓને ઉત્તમ રહેઠાણ અને ભોજન સાથે શિક્ષણની વધુ સારી તકો પ્રાપ્ત થશે.ત્યારેજળસંચય અને અન્ય વિકાસ કાર્યોની રૂપરેખા મુખ્યમંત્રીના આજના પ્રવાસમાં અન્ય મહત્વના પ્રોજેક્ટ્સનો પણ સમાવેશ થાય છે જેમાંસણોસરા (જળસંચય): અમરેલી તાલુકાના એકસાથે 71 ગામોમાં 'ગીરગંગા ફાઉન્ડેશન' અને 'GETCO'ના સહયોગથી તળાવ ઊંડા કરવાની કામગીરી નો શુભારંભ. આ કાર્યનો લાભ જિલ્લાની અન્ય વિધાનસભાના બીજા 5-5 ગામોને પણ મળશે.અમરેલી શહેરની વાત કરવામાં આવે તો જેસિંગપરાના શિવાજી ચોક ખાતે અમરેલી નગરપાલિકા દ્વારા નિર્મિત છત્રપતિ શિવાજી મહારાજની પંચધાતુની પ્રતિમાનું લોકાર્પણ. મતીરાળા (નદી ડીપનિંગ): લાઠી તાલુકાની પીપરિયા નદીને આશરે 9.6 કિમી (મતીરાળાથી કૃષ્ણગઢ 7740 મીટર અને કેરાળાથી કૃષ્ણગઢ 1860 મીટર) સુધી ઊંડી કરવાના કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું ધોળકિયા ફાઉન્ડેશન સાથે 80:20ની લોકભાગીદારી હેઠળ આ પ્રોજેક્ટ માટે અંદાજે 15.66 કરોડ રૂપિયાની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા અમરેલી જિલ્લામાં બુધવારના દિવસે અનેક વિકાસ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમોમાં સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા, સહિત અમરેલી જિલ્લાના 5 ધારાસભ્યો અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ રાજકીય સામાજિક આગેવાનો ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સ્થાનિક પદાધિકારીઓ અને અમરેલી જિલ્લાના તાલુકાઓના લોકો શહેરીજનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કે.ડી. NEWS
તારીખ : 01/04/2026

# પંચમુખી હનુમાનજી મંદિરે હનુમાન જન્મોત્સવ ની ભવ્ય ઉજવણી થશે...



અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાના ઈંગોરાળા વાંકુનીધાર ખાતે આવતીકાલ તારીખ 2 એપ્રિલ 2026 ગુરૂવારના રોજ દરવર્ષની જેમ આવર્ષે પણ હનુમાન જન્મોત્સવ ની ભવ્ય ઉજવણી થશે.જેમાં સવારના ૯:00 કલાકે યજ્ઞ અને બપોરના ૧૨:00 કલાકે ભોજના પ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું che ધર્મપ્રેમી જનતાને લાભ લેવા મહંત રામબાલકદાસબાપુ તથા કરૂણા નિધીદાસ બાપુએ જણાવ્યું હતું મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહેશે પંચમુખી હનુમાનજી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવશે અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બનશે.

કે.ડી. NEWS

તારીખ : 01/04/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી તાત્કાલિક હનુમાનજી પ્રસન્ન ॥



# ભવ્ય હનુમાનજી જન્મોત્સવ મહોત્સવ - ૨૦૨૬

## જાહેર આમંત્રણ

સેવા, સંસ્કૃતિ અને ભક્તિના દિવ્ય ત્રિવેણી સંગમ સમાન સાવરકુંડલાની ધર્મપ્રેમી જનતાને સહર્ષ જણાવતા આનંદ થાય છે કે, શ્રી તાત્કાલિક હનુમાનજી આશ્રમ દ્વારા હનુમાનજી જન્મોત્સવના પાવન પર્વે ભક્તિ અને માનવસેવાને વરેલા વિવિધ દિવ્ય કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

## મંગલ સમય અને સ્થળ

તારીખ: ૨/૪/૨૦૨૬, ચૈત્ર શુક્લ પૂર્ણિમા (ગુરુવાર)

સ્થળ: શ્રી તાત્કાલિક હનુમાનજી આશ્રમ, નદી કાંઠે, કે.કે. હાઈસ્કૂલ પાછળ, સાવરકુંડલા.

## કાર્યક્રમની ગરિમામય રૂપરેખા

- **જીવદયા અભિયાન :** પ્રકૃતિના સંવર્ધન અર્થે પક્ષીઓ માટે માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ. સાંજે ૫:00 કલાકે
- **સેવાકીય પ્રવૃત્તિઓ (સાંજે ૫:30 થી ૮:00 કલાકે)**
- **સર્વરોગ નિદાન કેમ્પ :** 'ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી' (સાવરકુંડલા બ્રાન્ચ) ના સહયોગથી નિષ્ણાંત તબીબો દ્વારા વિનામૂલ્યે તપાસ.
- **મહારક્તદાન કેમ્પ :** માનવતાના ઉમદા કાર્યમાં રક્તદાનનું અમૂલ્ય યોગદાન આપવા વિનંતી.
- **મહા સંકલ્પ :** ચક્ષુદાન, અંગદાન અને દેહદાન માટેના સંકલ્પ પત્રો સ્થળ પર જ ભરી આપવામાં આવશે.
- **ધાર્મિક ઉત્સવ (સાંજે ૭:30 કલાકથી)**
- **શ્રી કેસરીનંદન કલ્યાણ યજ્ઞ :** વિશ્વ કલ્યાણના હેતુથી પવિત્ર હોમ-હવનનું આયોજન.
- **મહાઆરતી અને મહાપ્રસાદ :** દિવ્ય આરતી બાદ સૌ ભક્તો સાથે મળીને પ્રસાદ ગ્રહણ કરીશું.

## ભવ્ય લોકડાયરો (રાત્રે ૯:00 કલાકે)

સૌરાષ્ટ્રના પ્રખ્યાત કલાકારો શ્રી રણધીરભાઈ વિંછીયા, શ્રી ભગવાનભાઈ ચાવડા, શ્રી દિપકભાઈ બારોટ અને શ્રી જાગૃતભાઈ વરીયાના સથવારે સાહિત્ય અને હાસ્યની જમાવટ

**નિમંત્રક : મહંત શ્રી હનુમાનદાસજી બાપુ (ગુરુ શ્રી રામસુંદરદાસજી બાપુ)**
**શ્રી તાત્કાલિક હનુમાનજી આશ્રમ પરિવાર - સાવરકુંડલા**

સંપર્ક સૂત્ર : સતીશભાઈ પાંડે – ૯૯૭૯૭ ૪૧૦૬૧ / મનોજભાઈ પાંડે – ૯૬૮૭૦ ૯૬૫૭૧

આ ધાર્મિક અને સામાજિક મહોત્સવમાં આપના સહપરિવાર તથા મિત્ર મંડળ સાથે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

તારીખ : 01/04/2026

# હનુમાન જન્મોત્સવ નિમિત્તે ભૂરખિયાના પદયાત્રીઓ માટે રસ્તામાં ઠંડા-પીણા, ચા નાસ્તાના સ્ટોલ

અમરેલી જિલ્લામાં હનુમાન જન્મોત્સવ પૂર્વે ભક્તમાં થનગનાટ જોવા મળી રહ્યો છે. આ અવસરે આસ્થા અને વિશ્વાસ નું પ્રતીક ગણાતા ભુરખિયા હનુમાનજી મંદિર ખાતે દર્શનાર્થે હજારો ભક્તો પગપાળા યાત્રા કરી પહોંચે છે. પદયાત્રીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને અમરેલી શહેરના અનેક સેવાભાવી યુવાનો અને ગ્રુપો દ્વારા માર્ગ પર નિઃશુલ્ક સેવા કેમ્પો શરૂ કરવામાં આવશે.

ચૈત્રી પૂનમ એટલે હનુમાન જન્મોત્સવ આદિવસે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે અને આ હનુમાન જન્મોત્સવ ખુશીથી ઉજવે છે, ત્યારે આ દિવસે અમરેલીથી ભુરખિયા હનુમાનજી મંદિર સુધી મહિલાઓ બાળકો પડે સહિત હજારો ભક્તો દર્શન કરવા ઉમટી છે, આગલા દિવસે સાંજથી જ પદયાત્રીઓ અમરેલીથી ભુરખિયા જવા માટે પ્રસ્થાન કરે છે જેને લઈ આ રોડ સુરક્ષા હેતુસર યંત્ર દ્વારા વાહનો માટે બંધ કરી દેવામાં આવે છે.પદયાત્રીઓની સુવિધા માટે રસ્તામાં ઠેર ઠંડા પીણા, સરબત, તરબૂચ અને ગરમ નાસ્તાના સ્ટોલો ઊભા કરી સેવા આપવામાં ઠેર આવી રહી છે.

અમરેલી અને આસપાસના વિસ્તારોના સેવાભાવી લોકો અને સંસ્થાઓ દ્વારા અમરેલી-લાઠી માર્ગ પર અનેક જગ્યાએ સ્ટોલો ઊભા કરાશે રામેશ્વર ગ્રુપ ચક્કરગઢ રોડ અમરેલીના દિનેશભાઈ સાવલિયા અને મિત્ર મંડળ દ્વારા ભુરખિયા ગામ નજીક લાઠી રામપર વચ્ચે આવેલ પરબવાડી ખાતે ચા નાસ્તા સાથે એનર્જી સરબતનું આયોજન કરવામાં આવેલ છે. હિલ્ટોન ગ્રુપના શશિકાંત



સોલંકી દ્વારા અમરેલી લાઠી વચ્ચે વરસડા ગામ નજીક કારમી ગરમીમાં પદયાત્રીઓ માટે તરબૂચ ખવડાવવામાં આવશે.અમરેલી પંથકમાંથી પદયાત્રાનો સિલસિલો આજ સાંજથી ચાલુ થશે. 10,000થી વધુ લોકોઆ વિસ્તારમાંથી પદયાત્રા કરી ભુરખિયા હનુમાન મંદિર પહોંચશે. અમરેલીથી લાઠી થઈ ભુરખિયા સુધી રાતભર પદયાત્રીનો ધમધમાટ જોવા મળશે. મોટી સંખ્યામાં ભક્તો પદયાત્રા કરી હનુમાન જન્મોત્સવની ઉજવણી કરશે હનુમાનજીના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવશે. જય શ્રી રામ જય ભુરખીયા દાદા નો નાદ ગુંજી ઉઠશે.

કે.ડી. NEWS

તારીખ : 01/04/2026

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે દેવકા વિદ્યાપીઠના નવનિર્મિત કન્યા છાત્રાલય અને ભોજનાલયના અદ્યતન સુવિધાસભર બિલ્ડિંગનું લોકાર્પણ












અમરેલી તા. ૦૧ એપ્રિલ,૨૦૨૬ - વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમરેલી જિલ્લાની મુલાકાતે પધાર્યા છે. આ અન્વયે રાજુલા તાલુકાના દેવકા ગામ સ્થિત દેવકા વિદ્યાપીઠ ખાતે મુખ્યમંત્રીશ્રીએ સંસ્થાના પરિસરમાં નવનિર્મિત અદ્યતન કન્યા છાત્રાલય અને ભોજનાલયના નૂતન બિલ્ડિંગનું તકતી અનાવરણ કરીને લોકાર્પણ કર્યું હતું.આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતમાં કન્યા કેળવણી માટેનો મજબૂત પાયો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે નાખ્યો હતો. સામાન્ય અને ગરીબ પરિવારના દીકરા-દીકરીઓ ભણી ગણીને આગળ વધી શકે તે પ્રકારની શિક્ષણ વ્યવસ્થા રાજ્યમાં કાર્યરત છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની સફળગાથા પર પ્રકાશ પાડતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્યમાં કન્યા કેળવણી મહોત્સવ થકી દીકરીઓનો શાળા ડ્રોપ આઉટ રેશીયો ઘટીને ૨ ટકા જેટલો નીચે આવ્યો છે. વિકસિત ગુજરાતની સફરમાં શિક્ષણ ક્ષેત્રે અનેક આયામો સર કરવામાં આવ્યા છે.  રાજ્યમાં અત્યારસુધીમાં 'નમો લક્ષ્મી' યોજના હેઠળ ૨૧.૩૪ લાખ દીકરીઓને રૂ. ૧,૪૩૮ કરોડની સહાયનો લાભ પહોંચાડવામાં આવ્યો છે. ઉપરાંત નમો સરસ્વતી' યોજના હેઠળ ૨.૯૬ લાખ વિદ્યાર્થીઓને રૂ. ૨૨૦ કરોડની સહાય રકમ સીધી જ તેમના બેન્ક ખાતામાં જમા કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણ ક્ષેત્રે રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓને ગેમ ચેન્જર તરીકે વર્ણવતા જણાવ્યું કે, ગુજરાતની દીકરીઓ શિક્ષણ સહિત રમતગમત, સ્ટાર્ટઅપ, સંશોધન અને વહીવટ સહિતના દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે. દેવકા વિદ્યાધામમાં શિક્ષણની સાથે જીવનઘડતર  અને ચરિત્ર નિર્માણ, ગીતા પાઠ, સંસ્કાર સિંચન જેવા રાષ્ટ્રીય મૂલ્ય નિર્માણના શિક્ષણયજ્ઞને મુખ્યમંત્રીશ્રીએ એક અદ્વિતીય પ્રશંસનીય કામગીરી તરીકે બિરદાવી હતી અને પૂ.ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા અને દેવકા વિદ્યાધામને અભિનંદન પાઠવ્યા હતા. દેવકા વિદ્યાપીઠ ખાતે મુખ્યમંત્રીશ્રીનું પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝા અને ટ્રસ્ટીશ્રીઓ, ચાપરડા ગુરુકુળ સંચાલક શ્રી મુક્તાનંદ બાપુએ ઉમળાભેર સ્વાગત કર્યું હતું. પ્રાસંગિક ઉદ્બોધન કરતાં ભાગવદ્ કથાકાર પૂ.ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાએ તેમની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કોઈપણ રાષ્ટ્રનું ભવિષ્ય તે રાષ્ટ્રના બાળકો છે. આપણે આપણી શિક્ષણ વ્યવસ્થામાં નબળું પ્રદર્શન કરતાં બાળકો પર ધ્યાન કેન્દ્રિત કરીને તેમની પ્રતિભાને ખીલવવાનું કાર્ય કરવા માટે તૈયાર થવું જરૂરી છે. શિક્ષણ થકી જ વિદ્યાર્થીઓની ક્ષમતાઓ નિર્માણ પામે છે.પૂ. ભાઈશ્રીએ ભારતની ક્ષમતાઓને વિશ્વની શ્રેષ્ઠ ક્ષમતાઓ તરીકે બિરદાવતા ઉમેર્યું કે, ભારત આજે વિશ્વ ફલક પર અગ્રગણ્ય ભૂમિકા અદા કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૨માં તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે દેવકા વિદ્યાપીઠનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પિત થયેલ દેવકા વિદ્યાધામના નવનિર્મિત કન્યા છાત્રાલય અને ભોજનાલય બિલ્ડિંગ એક સુવિધાસભર વ્યવસ્થા છે, દાતાશ્રીઓના અપાર પ્રેમ અને સહયોગથી આ નૂતન બિલ્ડિંગો આકાર પામ્યા છે. નવનિર્મિત ગર્લ્સ હોસ્ટેલમાં કુલ ૧,૧૦૦ બેડની વ્યવસ્થા અને અદ્યતન સુવિધા ઉપલબ્ધ છે અને ભોજનાલય બિલ્ડિંગમાં ૫૮૦ વિદ્યાર્થિનીઓની ક્ષમતા સાથે અદ્યતન કિચન અને બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ છે. આ સુવિધાઓના કારણે ગ્રામ્ય વિસ્તારની દીકરીઓને વધુ સારી રહેઠાણ અને ભોજનની સુવિધા સાથે શિક્ષણ પ્રાપ્ત કરવાની વધુ તકો ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે જળસંપતિ મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, રાજ્ય કક્ષા મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. દેવકા વિદ્યાપીઠ ગર્લ્સ હોસ્ટેલ અને ભોજનાલય નૂતન બિલ્ડિંગ લોકાર્પણ પ્રસંગે દેવકા વિદ્યાપીઠ શ્રી સૂર્યકાન્ત ઓઝા, ગૌતમભાઈ ઓઝા સહિતના ટ્રસ્ટીશ્રીઓ, ચાપરડા ગુરુકુળ સંચાલક શ્રી મુક્તાનંદ બાપુ, ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકી, શ્રી મહેશભાઈ કસવાલા, બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/04/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



**પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીતભાઈ ચાવડા અને અમરેલી જિલ્લા કોગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતના આદેશથી સાવરકુંડલા શહેર કોંગ્રેસ સમિતિની નવી કારોબારી યાદી - ૨૦૨૬ જાહેર કરવામાં આવે છે.**

## હોદ્દેદારો

| | |
|---|---|
| જીગ્નેશભાઈ ભરાડ (જીગાદાદા) | પ્રભારીશ્રી |
| અશોકભાઈ ખુમાણ | પ્રભારીશ્રી |
| નાસીરભાઈ ચૌહાણ | પ્રભારીશ્રી |
| રાજેભાઈ ચૌહાણ (ટકાભાઈ) | ઉપપ્રમુખ |
| ચિરાગભાઈ વાઘ | મંત્રી |
| યાસીનભાઈ ધાનાણી | સંગઠન મંત્રી |
| સલીમભાઈ જાદવ | સંગઠન મંત્રી |
| અરૂણભાઈ સોલંકી | કારોબારી સભ્ય |
| રફીકભાઈ જાદવ | કારોબારી સભ્ય |
| અમરૂદીનભાઈ કપાસી | પ્રવકતા |

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 01/04/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમરેલી જિલ્લાની પીપરીયા- ઝમકુડી નદીના પુનર્જીવિત પ્રકલ્પનું ખાતમુહૂર્ત કર્યું

અમરેલી તા.૧ એપ્રિલ, ૨૦૨૬ - મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે જળસંચયની શૃંખલાને આગળ વધારતા આજે અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં પીપરીયા -ઝમકુડી નદીના પુનર્જીવિત પ્રકલ્પનું ખાતમુહૂર્ત કર્યું હતું. જળસંચયના આ કામ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૫.૬૬ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.મતીરાળાથી કૃષ્ણગઢ અને કેરાળાથી કૃષ્ણગઢ એમ કુલ ૯.૬ કિલોમીટરના નદીના વિસ્તારમાં જળ સંગ્રહ ક્ષમતા વધારવા માટે ઝમકુડી નદીને ઊંડી અને પહોળી કરવામાં આવશે. આ પ્રોજેક્ટ રાજ્ય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ૮૦:૨૦ લોકભાગીદારથી સાકાર થશે. મુખ્યમંત્રીશ્રીએ મતીરાળા ગામમાં પીપરીયા- ઝમકુડી નદીના પુનર્જીવનના પ્રકલ્પનું ખાતમુહૂર્ત કર્યા બાદ સ્થાનિક ગ્રામજનોને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના નાણાકીય વ્યવસ્થાપનને એટલું મજબૂત કર્યું છે કે, વિકાસના કાર્યો માટે નાણાની કોઈ અછત વર્તાતી નથી. તેવી જ રીતે તેમના દ્રષ્ટિવંત નેતૃત્વમાં જળ સંરક્ષણ માટે અત્યારથી જ ભવિષ્યની જરૂરિયાતને ધ્યાને રાખી સુદ્રઢ આયોજન કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ આશરે ૨૫૦૦ વર્ષ પહેલાના ભગવાન મહાવીરના પાણીને ઘીની જેમ વાપરવાના શબ્દોને યાદ કરતા કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ પાણીને પ્રસાદ કહ્યો છે, ત્યારે પાણીનો અનુચિત રીતે બગાડ ન થાય અને પાણી બચાવવાની દરેક જણ પોતાની વ્યક્તિગત જવાબદારી છે, તે સમજે તે પણ એટલું જ જરૂરી છે. વરસાદી પાણી વહી ન જાય, ગામનું પાણી ગામમાં રહે અને સીમનું પાણી સીમમાં રહે તે માટે કેન્દ્ર રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અભિયાનો અમલમાં મૂક્યા છે, તે સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વરસાદી પાણીની દરેક બુંદનો બચાવ થાય તે માટે 'કેચ ધ રેઈન' અભિયાન શરૂ કર્યું છે. આ ઉપરાંત દેશના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરના નિર્માણની યોજના પણ સહકારી થઈ છે.મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, રાજ્ય સરકાર તબક્કા વાર દરેક નદીઓને પુનર્જીવિત થાય તે દિશામાં પ્રયાસ કરી રહી છે. તેમણે ખાસ અમરેલી જિલ્લામાં જનભાગીદારીથી ગાગડીયો નદીના પુનર્જીવિત થવાનું ઉદાહરણ આપતા કહ્યું હતું કે, અહીં આજે કોઈપણ સિઝનમાં આંખોને ઠંડક આપતું વાતાવરણ નિર્મિત અહીં થયું છે. ત્યારે પીપરીયા- ઝમકુડી નદીને ઊંડી અને પહોળી કરવાની યોજનાથી જે નદીના આસપાસના ખરાપટ્ટામાં ખેડૂતોને મોટી રાહત મળશે.મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વરસાદી પાણીનો સંગ્રહ થાય અને તેને જમીનમાં ઉતારવા માટે જુદા જુદા જળ સંરક્ષણના કામ માટે રાજ્યના પ્રત્યેક ધારાસભ્યશ્રીને દર વર્ષે રૂ.૫૦ લાખનું અલગથી અનુદાન પણ આપી રહી છે.મુખ્યમંત્રીશ્રીએ પ્રાકૃતિક કૃષિ અપનાવવાનો સવિશેષ અનુરોધ કરતા જણાવ્યું હતું કે, જમીન અને લોકોના સ્વાસ્થ્યના રક્ષણ માટે ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ એક માત્ર વિકલ્પ બચ્યો છે, પ્રવર્તમાન સમયમાં નાની ઉંમરમાં લોકોને ડાયાબિટીસ, કેન્સર, હૃદય રોગ જેવી બીમારીઓ સામનો કરવો પડી રહ્યો છે. આ સાથે તેમણે આ વિસ્તારને લીલોછમ બનાવવા માટે વધુ વૃક્ષોના વાવેતર કરવા માટે પ્રેરણા પણ પૂરી પાડી હતી. આ પ્રસંગે શાબ્દિક સ્વાગત કરતા લાઠીના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમરેલી જિલ્લા અને લાઠી વિસ્તારના વિકાસ કાર્યો માટે ઉદાર હાથે અનુદાન આપ્યું છે, આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, માત્ર લાઠી મતવિસ્તારની ૪ નદીઓના પાણીના સંરક્ષણ માટે ખૂબ મોટું અનુદાન આપ્યું છે. ઉપરાંત નાના મોટા રસ્તાઓના શ્રી સરફેસિંગ માટે ૨૦ કરોડ અને વરસડા - લાઠી રોડ માટે પણ ૧૪ કરોડ રૂપિયા ફાળવ્યા છે.આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, સ્થાનિક આગેવાનો હોદ્દેદારોએ મુખ્યમંત્રીશ્રીનું સ્મૃતિચિન્હ અર્પણ કરી સ્વાગત સન્માન કર્યું હતું.મુખ્યમંત્રીશ્રીના અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન રંગપુર ગામના ગ્રામજનોએ પણ મુખ્યમંત્રીશ્રીનું અદકેરું સ્વાગત સન્માન કર્યું હતું.આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી મહેશભાઈ કસવાળા, કલેકટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, અગ્રણી શ્રી અતુલભાઈ કાનાણી, પૂર્વ ધારાસભ્યશ્રી ઠાકરશીભાઈ મેતલિયા, સિંચાઈ વિભાગના સચિવ શ્રી પી. સી. વ્યાસ, એન્જિનિયર શ્રી એસ.જી. પંડ્યા, સંગઠનના અગ્રણી શ્રી અભય ચૌહાણ સહિતના મહાનુભાવો અને સ્થાનિક અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.









નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 01/04/2026
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શ્રી નિર્દોષાનંદજી કાઠીયાવાડી ડાઈનીંગ હોલ

## નાસ્તા : થેપલા * દહીં સુકીભાજી * ભાખરી

## ગુજરાતી થાળી (રૂા. ૧૦૦)

૩ શાક, રોટલી, દાળ, ભાત, છાશ, પાપડ, સંભારો, ચુરમા લાડવા

પંજાબી

કાઠીયાવાડી

ચાઈનીઝ

ઉર્વશી કોમ્પ્લેક્ષ, નવા બસ સ્ટેન્ડ સામે, મહુવારોડ, સાવરકુંડલા.

મો. 63512 29489

કે.ડી. NEWS

તારીખ : 01/04/2026

# અમરેલીના સણોસરા ખાતેથી "જળસંચય" અભિયાનનો શંખનાદ : એકસાથે ૮૫ તળાવો ઊંડા કરવાની કામગીરીનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ









અમરેલી તા. ૦૧ એપ્રિલ,૨૦૨૬ - અમરેલી તાલુકાના સણોસરા મુકામે ૮૫ ગામોના તળાવો ઊંડા કરવાની કામગીરીનો મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામમયી ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો. રાજ્ય સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કંપની (જેટકો)ના સી.એસ.આર ફંડથી, ગીર ગંગા ટ્રસ્ટના સહયોગ દ્વારા અમરેલી તાલુકાના ૬૫ અને અન્ય ૦૪ વિધાનસભાના ૨૦ કુલ મળીને ૮૫ ગામોમાં તળાવ ઊંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના "સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ"ના કાર્યમંત્ર સાથે ગામ અને ગામની વિચારધારા એકજૂટ થઈને એક દિશામાં આગળ વધતી હોય છે ત્યારે નક્કર પરિમાણો મળે છે. વડાપ્રધાનશ્રીનું હરહંમેશ કહેવું છે કે, નાગરિકો, એન.જી.ઓ અને સંસ્થાઓ જ્યારે સરકાર સાથે મળીને કામ કરે છે ત્યારે વિકાસની ગતિ બેવડાઈ છે.તેમણે ઉમેર્યું હતું કે, ભૂતકાળમાં સૌરાષ્ટ્રવાસીઓએ પાણીની સમસ્યાઓ જોઈ છે પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ "સૌની યોજના" થકી આ સમસ્યા ભૂતકાળ બની છે. આપણે સૌએ ભવિષ્યનો વિચાર કરીને પાણીના વપરાશ સાથે જળ સંરક્ષણના ભગીરથ કાર્યમાં આગળ વધવું પડશે. ખેડૂત બંધુઓ માટે પાણી અને ખેતી બંને મહત્વના છે. દેશભરમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરેલી જળ સંચય અને પ્રાકૃતિક ખેતીની મુહિમમાં જોડાઈ ખેડૂતોએ રાસાયણિક ખેતીને બદલે પ્રાકૃતિક કૃષિ તરફ વળવું જોઈએ.મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કંપનીની કામગીરીને બિરદાવતાં કહ્યું હતું કે, કંપનીની જવાબદારી ગામે ગામે ઉર્જા સુનિશ્ચિત કરવાની અને ઘરે ઘરે વિજળી પહોંચાડવાની છે. પરંતુ સી.એસ.આર હેઠળ પોતાની સામાજિક જવાબદારીના ભાગરૂપે કંપનીએ સૌરાષ્ટ્ર વિસ્તારની પાણીની સમસ્યા ઉપર કામ કર્યું છે.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાર્થક કરવા આપણે વિકસિત ગુજરાત બનાવવાની દિશામાં આગળ વધી રહ્યાં છીએ. રાજ્ય સરકાર દ્વારા અમરેલી જિલ્લાના વિકાસ માટે એકપણ કામ બાકી નહીં રહે,પરંતુ વિકાસ કાર્યોની ગુણવત્તા જળવાવી જોઈએ, તેમજ આયોજનબદ્ધ રીતે રજૂ કરેલા જિલ્લાના વિકાસના દરેક કામો મંજૂર કરવાની મુખ્યમંત્રીશ્રીએ ખાત્રી આપી હતી.ઊર્જા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, અમરેલી જીલ્લામાં વરસાદના પાણી દરિયામાં વહી જતાં હતા ત્યારે અમરેલી તાલુકાના ૬૫ અને જિલ્લાના ૮૫ ગામોમાં જળ સિંચનની ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ચીંધેલા જળ બચાવો અભિયાનને આગળ ધપાવતા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આ ઝૂંબેશનો ખર્ચ રાજ્ય સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની જેટકો એજન્સી દ્વારા આપવામાં આવશે. ખેડૂતને જો પાણી મળે તો કણમાંથી મણ પેદા કરવાની ક્ષમતા રાખે છે. આ તમામ ગામમાં ૬૦૦ કલાક જેસીબી હિટાચી મશીન તળાવ ઊંડા કરવાની કામગીરી કરશે. એક સમય હતો કે સૌરાષ્ટ્રમાં પાણી માટે બેડા યુદ્ધ થતું પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌની યોજના થકી સૌરાષ્ટ્રમાં દુષ્કાળ ને ભૂતકાળ બનાવ્યો. આ કડી ને આગળ ધપાવતા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે સૌની યોજનાના પાણી પાઈપલાઈથી જોડવાની મર્યાદા ૦૩ કીલોમીટરથી વધારી અને ૦૭ કિલોમીટર સુધી કરતાં અમરેલી જિલ્લાના અનેક ગામને લાભ મળશે. જિલ્લાના પાંચેય ધારાસભ્યશ્રીઓની માગ ધ્યાને લઈ મુખ્યમંત્રીશ્રી એ રૂ. ૮૦૦ કરોડના ખર્ચે ધોળી ધજા ડેમથી ૨૮ કિલોમીટર લાંબી પાઈપલાઈન બનાવી સૌની યોજના ના પાણીથી જોડવાની મંજૂરી આપી છે જેથી અમરેલી જિલ્લાને તેનો લાભ મળશે.આ પ્રસંગે જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી કાળથી સૌરાષ્ટ્રની દુષ્કાળની સમસ્યા નો હલ લાવી અને સૌરાષ્ટ્રને પાણીદાર અને હરીયાળુ બનાવવાનો પ્રયાસ શરૂ થયો છે. આ પ્રયાસના આગળ ધપાવતા બોરીબંધ, ચેકડેમ અને નદીઓને નર્મદાના નીરથી પાઈપલાઈન વડે જોડી અને જીવંત કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં ધારી-બગસરા-ખાંભા મતવિસ્તાર ના ધારાસભ્ય શ્રી, જે.વી.કાકડિયા, સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્યશ્રી, મહેશભાઈ કસવાલા, લાઠી - બાબરા મતવિસ્તારના ધારાસભ્યશ્રી, જનકભાઈ તળાવીયા, જેટકોના મેનેજિંગ ડિરેક્ટરશ્રી પાંડે, જિલ્લા કલેકટરશ્રી, વિકલ્પ ભારદ્વાજ, ગીરગંગા ટ્રસ્ટનાશ્રી દિલીપભાઈ સખીયા, અગ્રણીશ્રી, અભયસિંહ ચૌહાણ, શ્રી,અતુલભાઈ કાનાણી, શ્રી,મયુરભાઈ માંજરીયા, શ્રી,રાજુભાઈ ભૂતૈયા, શ્રી,સુરેશભાઈ પાથર, શ્રીzકિશોરભાઈ કાનપરિયા, શ્રી ચેતનભાઈ ધાનાણી, શ્રી મધુભાઈ હરખાણી, સણોસરા ના સરપંચશ્રી, પ્રવીણભાઈ દેવાણી, આસપાસના ગામના સરપંચશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને બહોળી સંખ્યામાં ભાઈઓ બહેનો ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

તારીખ : 01/04/2026

# અમરેલીમાં ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો



અમરેલીમાં સરકાર દ્વારા અનુસૂચિત જાતિ સમાજની વાર્ષિક આવક મર્યાદા વધારવા બદલ ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સામાજિક ન્યાય અને અધિકારિતા તેમ જ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાનું વાલ્મિકી સમાજ શિક્ષણ સંગઠન દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે સંગઠનના અમરેલી જિલ્લા પ્રમુખ પંકજભાઈ વાળા, ઉપપ્રમુખભાવેશભાઈ વાળોદરા, જીગરભાઈ ચૌહાણ, જાફરાબાદ શહેર ભાજપઉપપ્રમુખ અને જાફરાબાદ શહેર અને કુંકાવાવ તાલુકા પ્રમુખ સચિન ગોહેલ, અમરેલી શહેર ટીમ પ્રમુખ લાલજી ચાવડા, મહામંત્રી ખનેશભાઈ ગોહેલ, અશ્વિન ચૌહાણ, ધારી તાલુકા પ્રમુખ દિપક સોલંકી, કેતન ચાવડા, સચિન ચાવડા, રવિ ચાવડા સહિત સંગઠનના હોદેદારો અને નાગરિકો મોટી  સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/04/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



Aavkar
RESTAURANT & BANQUET HALL

## ફ્રાય
## મન્ચ્યુરીયન



કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
✆ 99041 41874 / 70961 31005

Aavkar Restaurant & Banquet Hall

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 01/04/2026
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ગરમી વધે તે પહેલા ખરીદો...
## સરળ હપ્તે...
## તમામ બ્રાન્ડ અને સૌથી ઓછા ભાવ...




LLOYD LG Life's Good MITSUBISHI DAIKIN
Kelvinator BLUE STAR Haier HITACHI

* કિંમતના ૮ હપ્તા
* કોઈ વ્યાજ નહીં
* ફાઈલ ચાર્જ નહીં
* પેનલ્ટી નહીં
* કોઈ છુપો ચાર્જ નહીં આ ઉપરાંત બજાજ ફાઈનાન્સ તથા કોઈ બેંકના ક્રેડીટ કાર્ડ ઉપર ખરીદી કરી શકો છો.

## એક્યુરેટ ઈલેક્ટ્રોનિક્સ & ફર્નિચર મોલ
મહુવા રોડ, હીરો શોરૂમ પાસે, મો. ૭૭૭ ૮૦૦ ૩૩૩૩

કે.ડી. NEWS

તારીખ : 01/04/2026

# Ipl ની ચોથી મેચમાં ગુજરાત સામે પંજાબની જીત..





IPL 2026 ની ચોથી મેચ ખૂબ જ રોમાંચક રહી હતી. 31 માર્ચ 2026 મંગળવારના રોજ પંજાબ કિંગ્સની ગુજરાત સામે 3 વિકેટથી જીત થઈ હતી. પ્રથમ ઈનિંગની 20 ઓવર અને બીજી ઈનિંગમાં 12 ઓવર સુધી મેચ પંજાબ કિંગ્સના હાથમાં હતી, પરંતુ પછી ગુજરાત ટાઈટન્સે શાનદાર વાપસી કરી. 110-2 થી પંજાબનો સ્કોર 144-7 થઈ ગયો.

એવું લાગતું હતું કે ગુજરાત હારી ગયેલી મેચ જીતી જશે, પરંતુ કૂપર કોનોલીએ શાનદાર બેટિંગ કરી હતી. કોનોલીના 44 બોલમાં પાંચ ચોગા અને પાંચ છગ્ગા સાથે 72 રન સાથે અણનમ રહ્યો હતો અને પંજાબ કિંગ્સને જીત અપાવી હતી. તેણે એકલા હાથે પોતાની હિંમત જાળવી રાખી અને પંજાબને જીત અપાવી. કૂપર કોનોલીએ 44 બોલમાં 72 રનની મેચવિનિંગ ઈનિંગ રમી, જેમાં પાંચ ચોગ્ગા અને પાંચ છગ્ગા ફટકાર્યા હતા. પહેલા બેટિંગ કરતા ગુજરાત ટાઈટન્સે 162 રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબ કિંગ્સે અંતિમ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યું.

તારીખ : 01/04/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

## મફતમાં કરી આપવામાં આવશે.

# શિવમ

## ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)
(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- દરેક પ્રકારના ફ્રેક્ચર અને અકસ્માત કેસની સારવાર
- ક્લોઝ નેઇલીંગ સેન્ટર (Nailing)
- ઓપન ઇન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
- બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત
(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ૨૭ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- સ્રીરોગ નિદાન અને સારવાર.
- અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર.
- વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ગભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- કેન્સર નિદાન * ગુપ્તરોગ (સ્ત્રી/પુરૂષ) નિદાન અને સારવાર
- એપોઇન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

તારીખ : 01/04/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

# લગ્નકંકોત્રી

ઓફસેટ પ્રિન્ટીંગ | સ્કીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ

ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ

બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

# બેનર

ફલેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઈલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ™

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/04/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 01/04/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

ગુટખા તનને નુકસાન કરે છે
એનો તો આપણને ખ્યાલ છે,
ગુંડો ધનને નુકસાન કરે છે
એનો ય આપણને ખ્યાલ છે,
પણ નિંદા મનને નુકસાન
કરે છે એનો આપણને
ખ્યાલ ખરો ?




આચાર્ય વિજય રત્નસુંદર
સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/04/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# HAPPY BIRTHDAY



## શ્રી ડી.કે.પટેલ

સાવરકુંડલા નગરપાલિકા પૂર્વ પ્રમુખ,
સાવરકુંડલા શહેર ભાજપ પૂર્વ પ્રમુખ

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/04/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## વિરેન્દ્રભાઈ વસંતભાઈ જોષી

HAPPY BIRTHDAY


કે.કે. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
AR
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/04/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

અઢળક કેકની વેરાયટીઓ

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં



## લાઈવ કેક
માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ
ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

ના નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/04/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva®

**3349**
**01/04/2026**
**Wednesday**

## आत्मा

"धर्म" याने धर्मान्धता नही, एक विशेष ज्ञान होता है। क्या करना चाहिये क्या नही करना चाहिये।

बाबास्वामी
1/4/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email** : swamiji.office@gurutattva.org,
**Telegram** : t.me/ShreeShivkrupanandSwami **Whatsapp** : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 01/04/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## આ તો સારું છે બાકી જો આવું જ ચાલ્યું તો લગ્નોની જાહેરાત આવશે કે... ચૂલા ઉપર રાંધી શકે એવી કન્યા જોઈએ છે."

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 01/04/2026
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 1 એપ્રિલ
# મહત્વની ઘટનાઓ

૧૮૬૭ - સીંગાપુર બ્રિટનની કોલોની બન્યું.

૧૯૨૪ - 'રોયલ કેનેડિયન વાયુદળ'ની રચના કરાઈ.૧૯૩૫ - ભારતીય રિઝર્વ બેંકની સ્થાપના

૧૯૩૬ - ઓરિસ્સા,જે અગાઉ 'કલિંગ' કે 'ઉત્કલ' તરીકે ઓળખાતું, ભારતનું રાજ્ય બન્યું.

૧૯૭૩ - પ્રોજેક્ટ ટાઈગર, વાઘ સંરક્ષણ કાર્યક્રમ, 'કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન'ભારતમાં શરૂ કરાયો.

૧૯૭૬ - સ્ટિવ જોબ્સ અને સ્ટિવ વોઝનિક દ્વારા "એપલ કોમ્પ્યુટર"ની સ્થાપના કરાઈ.

૨૦૦૧ - નેધરલેન્ડમાં,સમલૈંગિક વિવાહ કાયદેસર કરાયા, તે આ પ્રકારની માન્યતા આપનાર પ્રથમ દેશ બન્યો.

૨૦૦૪ - ગૂગલે તેની નવી સેવા, "જી-મેઈલ" જાહેર જનતા માટે શરૂ કરી.

## જન્મ

૧૯૦૮ – અબ્રાહમ મેસ્લો, અમેરિકન મનોવૈજ્ઞાનિક. (અ. ૧૯૭૦)

૧૯૩૬ – ડૉ. અબ્દુલ કાદીર ખાન, પાકિસ્તાની પરમાણુ વૈજ્ઞાનિક.

૧૯૪૧ – અજીત વાડેકર, ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર. (અ. ૨૦૧૮)

## તહેવારો અને ઉજવણીઓ

૧લી એપ્રિલ, ઘણા દેશોમાં "એપ્રિલ ફૂલ્સ ડે" કે "ઓલ ફૂલ્સ ડે" તરીકે મનાવાય છે.ઓરિસ્સા, ઓરિસ્સાવાસીઓ આ દિવસ 'આઝાદી દિન' તરીકે ઉજવે છે (જુઓ 'મહત્વની ઘટનાઓ').

તારીખ : 01/04/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 01/04/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 01/04/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1903 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/04/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973